R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૬મું

VOLUME : 02 • ISSUE : 03 • PAGES : 32 • MUMBAI • DATE : 5TH DECEMBER 2021

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-




**HD FIRE PROTECT PVT. LTD.**
Corporate HQ:
D-6/2, Road No. 34, Wagle Estate,
Thane 400604, India
T: +(91) 2221582600 E: info@hdfire.com

MADE IN INDIA

www.hdfire.com

With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




6D 0301 | 0045 | SIL 3 IEC 61508 | ATEX 94/9/EC

## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# શ્રદ્ધાંજલિ



**કોઠારા**
જન્મ
૨૨ એપ્રિલ ૧૯૬૦

**ઘાટકોપર**
અવસાન
૧૦ નવેમ્બર ૨૦૨૧

# C.A. સુમનલાલ શીવજી શામજી લોડાયા

ઊંચી વ્યવહાર કુશળતા, મિતભાષી પરંતુ સદાય હસતો ચેહેરો સમાજમાં આગળ પડતા પરંતુ નહીં ક્યારેય કોઈ અભિમાન કે નહીં કોઈ દેખાડો, સાદુ સરળ જીવન નાના સાથે નાના અને મોટા સાથે મોટા દરેક સાથે મિલનસાર અને હસી ને વાતો કરનારા આવા અમારા સુમનભાઈ ની આગળ સદગત કે સ્વર્ગવાસી લાગી જશે એ પણ આટલું જલ્દી ! એવી ક્યાં ખબર હતી? તમારા અચાનક જવાથી અમને એ ખોટ પડી છે જે વર્ણન કરવા માટે શબ્દો ખૂટી પડ્યા છે ભલે તમે અમારાથી શરીર રૂપે દૂર ગયા પરંતુ તમારી સાથે વિતાવેલી પળો ની યાદો રૂપે તમે હંમેશા હૃદય માં રહેશો.

**ભગવાન તમારી આત્માને પરમ શાંતિ અર્પે એજ અભ્યર્થના...**

---

અમારા પરિવાર ના કુળદિપક, પ્રેમાળ અને વાત્સલ્ય સભર એવા **શ્રી સુમનલાલ** ની અણધારી વિદાય થી અમે દુઃખદ લાગણી અનુભવી રહ્યા છીએ. સર્વે અતિમિયજનોને ગદગદિત અંતઃકરણ થી આભાર વ્યકત કરીએ છીએ. સહુનો બે હાથ જોડી નત મસ્તકે ઋણ સ્વીકાર કરીએ છીએ.

**માતુશ્રી લક્ષ્મીબાઈ શીવજી શામજી લોડાયા પરિવાર**
ઘાટકોપર ~ કોઠારા

**માતુશ્રી હીરાબાઇ હંસરાજ નરશી મોમાયા પરિવાર**
ઘાટકોપર ~ સુથરી

*With*
*Best Wishes*
*from*



*Hiren Daga*    *Ashok Damji Daga*    *Dilip Daga*

# Askcotton®™

**COTTON CONSULTANTS**

"Kasturi", 145, Ponnurangam Road (W), R.S. Puram,
Coimbatore - 641 002, Tamilnadu, India.
Phone : +91 422 2547973, +91 422 2548678
E-mail : ashokddaga@gmail.com, hirendaga@yahoo.com

**તંત્રી સ્થાનેથી**



**જૈન ધર્મની મહાનતા અને પ્રાચીનતા તથા જૈનોની શક્તિ અને ભક્તિને જાળવવા માટે જરૂરી પગલા લેવા અંગે તંત્રી મંડળના સભ્ય એડ. ઉદયન લાલજી શાહ (લોડાયા)ના વિચારો ખૂબજ મનનીય છે. પ્રકાશ સમીક્ષાના આ અંકમાં તેમના વિચારોને તંત્રીલેખમાં સ્થાન આપતા આનંદ અનુભવું છું.**

– ડૉ. હીરાચંદ દંડ

# જૈન ધર્મ – દેરાસરો, ભક્તિ અને શક્તિ

ભવ્યાતિભવ્ય જૈન ધર્મને ચોવીસ તીર્થંકરોએ સમયે સમયે વિસ્તાર્યો. હજારો વર્ષ જુના પ્રાચીન પણ ભવ્ય જૈન તીર્થ સ્થાનો હમણાંનાં દેરાસરો, પ્રાચીન અને ભવ્ય પણ ખંડિત અવસ્થામાં રહેલા દેરાસરો, ખાસ કરી દક્ષિણ ભારતમાં અને વિવિધ સ્થળોએથી મળી આવેલી, તીર્થંકરોની પ્રતિમાઓ, જૈન ધર્મ હજારો વર્ષથી અસ્તિત્વમાં છે અને આખા ભારતમાં વિસ્તરેલો એ વાતની સાક્ષી પૂરે છે.

આ જૈન દેરાસરો, તીર્થસ્થાનો એ જૈન ધર્મનો અલભ્ય વારસો છે. દુર્લભ પ્રતિમાઓ, દુર્લભ જૈન સાહિત્ય, ગ્રંથો, આગમો, કલ્પસુત્રો જૈન મંત્રો, ચિત્રો, સંગ્રહાલયો અમુલ્ય છે. જૈન ગ્રંથો અર્ધમાગધી, પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં લખાયેલા છે.

જૈન ધર્મનો અભિગમ વૈજ્ઞાનિક અને તાર્કિક એટલે કે અનેકાન્તવાદના સિદ્ધાંતમાં માનનારો છે અને અતિ સૂક્ષ્મતામાં માનનારો છે. જૈન સાધુના જીવન જેવી કઠોર પરંપરા કે પ્રથા ભાગ્યેજ કોઇ ધર્મમાં હશે.

પણ કાળક્રમે જૈનોની સંખ્યા કે જૈન ધર્મ પાળનારાઓની સંખ્યા ઓછી થતી ગઇ અને થઇ રહી છે. કર્ણાટકનો લિંગાયત સમાજ આનું ઉદાહરણ છે.

હવે સમય આવ્યો છે એ વિશે વિચારી જૈન ધર્મને વધારે સક્ષમ કરવાનો અને આને માટે કેટલાક નક્કર પગલા લેવાની આવશ્યકતા છે. એ માટે હું મારા વિચારોની રજુઆત ક્રમવાર કરું છું.

૧. આપણા દેરાસરોમાં અને મહાજનો પાસે જૈન ધર્મના કેટલા અલભ્ય ગ્રંથો છે? એની સૂચી બનાવવી.
૨. જૈન તીર્થંકર પ્રભુઓની અને બીજી કેટલી દુર્લભ પ્રતિમાઓ છે?
૩. આ ઉપરાંત બીજી કેટલી દુર્લભ જણસો છે?
૪. શું દેરાસરના ટ્રસ્ટ કે ગામના મહાજન પાસે દેરાસર અને પ્રતિમાઓના ઈતિહાસ દર્શાવતો પુરાવો / લેખ / દસ્તાવેજો છે?
૫. શું દેરાસર અને તેની જમીનના દસ્તાવેજો પુરા છે અને તેની નોંધ સરકારી ચોપડાઓમાં છે? (રામજન્મભૂમિ વિવાદ યાદ રાખવો)
૬. દેરાસર અને મહાજનના ચોપડાઓમાં મહત્વની નોંધો કરવામાં આવી છે?

ઉપર જણાવેલી બાબતો આવનારા સમયમાં ખુબ જ મહત્વની બનશે અને જૈનોને અને જૈન ધર્મને જરૂરથી સક્ષમ બનાવશે.

જે ગ્રંથો, આગમો કે મંત્રો જે પણ ભાષામાં લખાયેલા છે તેનો સરળ પણ સક્ષમ ગુજરાતી અનુવાદ કરવો જરૂરી છે. જેથી યુવા પેઢીને પણ એમાં રસ પડે. ફક્ત મંત્રોના ઉચ્ચારણથી બહુ ફરક નહીં પડે. પણ જો દરેક મંત્રો અનુવાદ કરીને, એનો અર્થ સમજીને રટણ કે ઉચ્ચારણ કરવામાં આવે તો એ જરૂર જીવંત અને શક્તિશાળી બનશે. એક વાત યાદ રાખવી ઘટે કે મંત્રો કોઈ પણ ધર્મના હોય બહુજ શક્તિશાળી હોય છે. એક માન્યતા મુજબ પૃથ્વીનું નિર્માણ એક ધડાકાથી થયું હતું અને એ ધડાકા સમયે પ્રગટેલો અવાજ પણ ''ઓમ'' હતો.

દરેક દેરાસરના પરિસરમાં તે દેરાસરનો ઈતિહાસ અને દેરાસરની અંદર બિરાજમાન પ્રતિમાજીઓની મહત્તા અને ઈતિહાસ દર્શાવતું એક લખાણ હોવું જ જોઇએ. જૈન ગ્રંથો, આગમો, મંત્રો, માફી વગેરે જૈન ધર્મના પાયા છે. મંત્રો અને વિવિધ પ્રકારની પુજાઓ એ જૈન ધર્મનો પ્રાણવાયુ છે. હવે આ બધું જ વધારે જીવંત કરવાની જરૂર છે.

જૈનોને એ હવે તન, મન અને ધનથી વધારે શક્તિશાળી બનવું પડશે અને તો જ જૈન ધર્મ અને એના સિદ્ધાંતોની જરૂરથી રક્ષા થઈ શકશે. જૈન યાત્રાધામો અને દેરાસરોમાં હવે ભક્તિ સાથે શક્તિની ઉપાસના પણ કરવી જરૂરી છે. એમ આ લખનારનું નમ્રપણે માનવું છે. જૈનોના ડી.એન.એ.માં શુરવીરતા છે, ક્ષત્રિયપણું છે અને હવે એ ક્ષત્રિયપણું પણ બહાર લાવવાની જરૂર છે અને આ બધાનો સમન્વય થશે તો આપણે રાજકારણથી માંડીને લશ્કરમાં બહુજ ઉંચે હોદ્દે પહોંચી શકશું.

નવા દેરાસરો બનાવવા પહેલા આપણે હવે આપણી દુર્લભ અને અમુલ્ય ગ્રંથો અને પ્રતિમાજીઓ માટે રક્ષા કવચ તૈયાર કરવું જરૂરી છે. બધા જ જૈન ફિરકાઓએ સાથે મળી જે પણ પ્રાચીન દેરાસરો જર્જરિત અવસ્થામાં છે એનો સત્વરે જિર્ણોધ્ધાર કરવો અને એનો ઈતિહાસ શોધખોળ કરીને લખવો જરૂરી છે. આ ઈતિહાસ લખવા જૈન સંઘો પૈસા ખર્ચીને જાણીતા જૈન ઈતિહાસવિદને રોકી શકે છે.

દરેક ધર્મમાં મંત્ર શક્તિની ઉપાસનાનો મહિમા છે. આપણે આપણા મહારાજસાહેબોની મદદથી આ મંત્રશક્તિને સમજવાની અને એની ઉપાસના કરવી જરૂરી છે. નહીં તો પછી... ગુજરાતના બહુજ જાણીતા કવિ અખાએ કહ્યું જ છે તે આપણને લાગુ પડે છે.

**''તિલક કરતાં ત્રેપન થયા,**
**જપમાળાના નાકા ગયા,**
**તીરથ ફરીફરી થાક્યા ચરણ,**
**તોય ન પોહતો હરિને શરણ,**
**કથા સુણી સુણી ફૂટ્યા કાન,**
**અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન''**



**એડ. ઉદયન લાલજી શાહ**

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના　　ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા　　કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના　　પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા　　શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા　　કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા

**: ઑડીટર્સ :** CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ : ૦૨, અંક : ૦૩, તા. ૦૫-૧૨-૨૦૨૧**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# "જૈન ધર્મ મારી દ્રષ્ટિએ.." મણકો - ૪૧



લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

ભજનની પાંચમી લાઈન અતિ અદ્‌ભૂત છે... વૈષ્ણવજન સમદ્રષ્ટિ રાખે છે કોઈનામાં ભેદભાવ જોતો નથી, ને તૃષ્ણા એટલે કે ઈચ્છા - કામ રહીત છે. આપણાં ચોથા શીલવ્રતની સમાન આ ભજનમાં સરળ ભાષામાં કહ્યું કે **''પરસ્ત્રી જેને માત રે''** આ લાઈનને વિસ્તારપૂર્વક સમજાવવાની જરૂર ખરી..!

આપણું બીજું સ્થુલ મૃષાવાદ વ્રત (ખોટુ બોલવું) અને ત્રીજા સ્થુલ અદ્‌તાદાન વિરમણ વ્રત ને સંક્ષિપ્તમાં ''જિહવા થકી.... નવઝાલે હાથ રે'' સાથે સરખાવી શકાય.

અદ્‌ભુત રીતે શ્રી નરસિંહ મહેતાએ આ ભજનમાં જૈન અને અન્ય ધર્મોનાં તત્ત્વ, નીતી-નિયમોનું નિરુપણ કરી જીવન જીવવાની સાચી રાહ બતાવી છે.

આગળ વધારે શું સમજાવું... વ્રતોને આલોવતાં અને મિચ્છામી દુક્કડમ્ માંગતા આ ભજન અને તેનો મર્મ જો જીવનમાં ઉતરી ગયો તો ભયો ભયો...

અહીં એવા જ એક સંત કવિ દયારામની રચના મમળાવવા મુકી રહ્યો છું.

### વૈષ્ણવ નથી થયો તું રે

(રાગ : આસાવારી-તીનતાલ)

**વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે,**
**હરિજન નથી થયો તું રે... ટેક**
**હરિજન જોઈ હૈડું નવ હરખે દ્રલે ન હરિગુણ ગાતા,**
**કામધામ ચટકી નથી પટકી, ક્રોધે લોચન રાતા.**
**તુજ સંગે કોઈ વૈષ્ણવ થાએ, તો તું વૈષ્ણવ સાચો,**
**તારા સંગનો રંગ ન લાગે, તાંહા લગી તું કાચો.**
**પર દુઃખ દેખી હૃદે ન દાઝે, પરનિંદા નથી ડરતો,**
**વહાલ નથી વિઠ્ઠલ શું સાચું, હઠે ન હું હું કરતો.**
**પરોપકારે પ્રીત ન તુજને, સ્વારથ છૂટ્યો છે નહીં,**
**કહેણી તેવી રહેણી ન મળે, કાં હાં, લખ્યું એમ કહેની.**
**ભજવાની રૂચિ નથી મન નિશ્ચે, નથી હરિનો વિશ્વાસ,**
**જગત તણી આશા છે જાં હાં લગી, જગત ગુરુ તું દાસ.**
**મન તણો ગુરુ મન કરશે તો, સાચી વસ્તુ જડશે,**
**દયા દુઃખ કે સુખ માન પણ, સાચું કહેવું પડશે.**

આ લેખમાળા લખતાં લખતાં અન્ય ધર્મના પુસ્તકોમાંથી પસાર થવાનો અને સમજવાનો સોનેરી મોકો મળ્યો છે. પછી ભલે તે ૩૩ કરોડ દેવી-દેવતાઓનો હિન્દુ ધર્મ હો કે મહમદ પયગમ્બર સાહેબનો ઈસ્લામ, શીખ ધર્મ માં ગુરુગ્રંથ સાહેબની અપરંપાર મહિમા છે. અને તેથી જ તે બિરાદરો એક બીજાને મળે ત્યારે આપણે જય જિનેન્દ્ર તો તેઓ ''વાહે ગુરૂ કી ફતેહ'' કહી અભિવાદન કરે છે.

દુનિયાનો એક વિશાળ ખ્રિસ્તી ધર્મમાં પણ પાદરીઓ **''MAY GOD BLESS YOU MY SON''** કહી આશિર્વાદ વરસાવતા હોય છે.

આમ આ બધા ધર્મોનું મુળ તત્ત્વોના વિચાર કરશું તો લગભગ સરખા જ મળશે : દા.ત. ક્યોં ધર્મ ચોરી કરવા, ખોટું બોલવા કે વ્યાભિચાર કરવાની રજા આપે છે ? આપણામાં રહેલા ક્રોધ, માન, માયા, લોભને નષ્ટ કરવાનું આહ્વાન બધા જ ધર્મ કરે છે.

આમ બધા ધર્મોનાં તત્ત્વો એક જ છે જેનો કબીરદાસજી એક ઉત્તમ ઉદાહરણ આપે છે...

''कबीरा कुंआ एक है, पानी भरे अनेक ।
भांडा ही में भेद है, पानी सबमें एक ।।

શું આપણા જૈન સમાજને આ બરાબર લાગું નથી પડતું !

આજે આપણા સમાજમાં ગણ્યા ગણાય નહીં તેટલા ગચ્છ છે, કેટલાક પક્ષવાળા શ્રી ભક્તામર સ્ત્રોતમાં ૪૪ ગાથાને માન્ય કરે છે તો કેટલાક ૪૮ ગાથાને ! કેટલાક અતિચાર બોલે છે તો કેટલાક વંદિતું ! ક્યા ધર્મને સાચો માનવો ને કયા ને ખોટો..!! લગભગ બધા ગુરુઓ પોતપોતાની દુકાન અને ટીવી પરની ચેનલો ખોલી બેઠા છે અને આપણા જેવા સીધા-સાદા, સરળ માણસો ભોળવાઈ જાય છે.

પણ તેથી ધર્મ નથી એવું નથી... **ધર્મ તો શાશ્વત છે.** આપણાને ક્રિયાઓમાં જકડી સાચા ધર્મથી દુર ધકેલી રહ્યા છે. હું મારી કલમ અહીંયા અટકાવું છું અને નિષ્કર્ષ રૂપે એટલું જ કહીશ.

(૧) બધા જ ધર્મોનાં તત્ત્વો સમાન છે, (૨) દરેક ધર્મ પાસે તેની વિશેષતાઓ છે. (૩) આ ધર્મ સમજાવા માટે ઉદાહરણો, વાર્તાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. (૪) ધર્મનો, વિવેચકોએ જુદા જુદા મંતવ્યો દર્શાવી આપણને મુશ્કેલીમાં મુકી દીધા છે, (૫) ધર્મ જડવત નહીં પણ ચેતનવંતુ હોવું જોઈએ.

મારી દ્રષ્ટિએ જૈન ધર્મ જ નહીં પણ કોઈપણ ધર્મનો સાર

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : પ્રવિણ માણેકજી મૈશેરી - નાની સિંધોડી (રાયપુર), મહાવીર ટ્રેડીંગ કાં.

ઉપર જણાવ્યા પ્રમાણે જ હોઈ શકે. આટલું સમજાઈ જાય તો ગંગા પાર કરવામાં મુશ્કેલી નહીં પડે.

મારી તો આપ સૌને એક વિનંતી છે : કચ્છ તો પર્યુષણ પર્વ, મ.સા.ના પ્રવેશ, માતાજી પાસે જુહાર કરવા, છોકરાઓનાં ઝાંડા ઉતારવા આવતા જ હશો ત્યારે ગોધરા ગામમાં આવેલ શ્રી અંબા માતાજીનાં મંદિરમાં **સર્વ ધર્મ સમભાવ** પ્રદર્શન જોવાનું રખે ચુકતા. બધું જ સમજાઈ જશે... હવે અંત તરફ...

**અખો, કબીર, જિબ્રાન, તુલસીદાસ, ગંગાસતી, મીરાંબાઈ કે આનંદઘનજી** જેવા અનેક ભદ્રંકર સુફી ખોજીઓએ દર્શન કરાવ્યું ધર્મના અસ્તિત્વના સુંદર સત્યનું ! એ દરેકને ભાવભરી વંદના !

કોઈપણ લેખક કે કલાકાર પોતાની રચના અંત તરફ આવે ત્યારે તેની એક આંખમાં હર્ષના આસું જ્યારે બીજી આંખમાં દર્દના આંસુ સરતા હોય છે. પ્રથમ હર્ષના આંસુની વાત કરું તો મારા અન્ય લેખો (કચ્છ દર્શન, કચ્છડો કામણગારો) જે લગભગ વર્ષ ૨૦૦૩થી પ્રકાશ સમિક્ષામાં પ્રકાશિત થતા હતા **(આભાર સ્વ. રાયચંદ આર. નાગડા - જેમણે મને પ્રોત્સાહિત કર્યો)** તેમાંથી ***કચ્છડો કામણગરા***ને સારો પ્રતિસાદ મળ્યો પણ મારે અધુરો છોડવો પડ્યો. પછી **''મરમજા મોતી''**ના નેજા હેઠળ ફક્ત બે પંક્તિમાં અંકિત મુક્તક કહો, દોહા કહો, સુભાષિત કહો કે કાવ્યનો કોઈપણ પ્રકાર કહો એવા મર્મના મોતી મને ગમતા ગયા અને મનમાં વસ્તા ગયા. એ લેખમાળા બાવન અઠવાડિયા સુધી લખી તેનું સંપાદન કરી **''તેજ બાવની''** નામે પુસ્તક વર્ષ ૨૦૧૪માં પ્રકાશિત કરાવી શક્યો.

**ઘડિયાર ગોદીથી માંડવીની સફર**માં ઘણા સફરનાં સાથી મળ્યા જેમણે પોતાના અનુભવો મને જાણાવ્યા અને મને આ લેખમાળા માટે મદદરૂપ બન્યા.

**''જૈન ધર્મ''** વિષય જ અઘરો હતો પણ તેને ન્યાય આપવા મેં પુરેપુરી મહેનત કરી. મેં આગળ લખ્યું છે તેમ જૈન ધર્મ શાશ્વત છે પણ બદલાતા સમય સાથે તેમાં બદલાવ લાવવો જરૂરી છે. હું કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરું એ મારા **ગુરુજનો, મિત્રો, કુટુંબીજનો** પ્રત્યે જેઓની જ્ઞાન શિક્ષા, દોસ્તી અને હુંફ ધર્મનો અર્થ સમજાવી જીવનનો માર્ગ સરળ કરી આપ્યો છે.

**ખાસ કરીને શ્રી રમેશ હીરજી લોડાયા (મંજલ-સુથરી) જેમની સાથે મેં ઉગ્ર વાદવિવાદ કર્યો અને તેમણે શાંતિપૂર્વક સંવાદ સાધ્યો.**

આ મણકાઓને વ્યવસ્થિત ગોઠવવા બદલ **શ્રી જીનેશ દુબલ (સી-ટેક કોમ્પ્યુટર-માંડવી)** અને પ્રકાશ સમિક્ષાના તંત્રી **શ્રી ડો. હિરાચંદ દામજી દંડ (મંજલ-ઘાટકોપર)** અને પ્રિન્ટર્સ **ચિંતન ગ્રાફીક્સ વાળા શ્રી મુકેશ ભવાનજી લોડાયા (મોટી સિંઘોડી-ડોંબીવલી), શ્રી સુનિલ જાદવ**નો આભાર સહ ધન્યવાદ કરું છું.

ધર્મને હજુ તો જાણવા માંડીએ, ત્યાં જ ખબર પડે કે લે બોલ ! જાતને તો હજુ જાણી જ નહીં ને વિદાયની વેળા આવી યે ગઈ !

મારી **''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ''** લેખમાળા લખવામાં **મહોપાધ્યાય મુનિશ્રી ભુવનચંદ્ર મ.સા.**એ જૈન ધર્મ સારનું ગુજરાતીમાં અનુવાદિત પુસ્તક **''સમણસુત્તં''** અત્યંત ઉપયોગી નિવડ્યું છે.

મારા મિત્ર **ડો. રમઝાન હસણિયા**એ સમણસુત્તના બોધને જીવન સાથે જોડવામાં અથાગ પ્રયાસ કર્યા છે. આ વિશેની સવિસ્તાર માહિતી તેમના દ્વારા લિખીત પુસ્તક **''જ્ઞાન મંથનનો પરિપાક : સમણસુત્તં''**માં સમાયેલી છે.

**વિના મૂલ્ય આ પુસ્તક ઘેર બેઠા મેળવવા**

આપનું પુરું સરનામું મેસેજથી કે વોટ્સએપથી સોમ ધરમશી - ૯૭૨૬૭ ૭૬૬૨૭ પર કે પત્ર દ્વારા ગુણપુરી નગર, પોસ્ટ તલવાણા, તા. માંડવી-કચ્છ. ૩૭૦૪૬૦ પર મોકલશો.

આમ તો આ લેખ લખ્યા પછી થોડોક આરામ કરવાનો વિચાર કર્યો છે, પણ મારી કલમ છાની રહી શકે તેમ નથી. કોઈક જમાનામાં **શ્રી.ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ**ના ઉપક્રમે તેમના વાર્ષિક દિન નિમિત્તે નાટક રજુ કરવાની **શ્રી નેણશી દેવશી ખોના** ના નિર્દેશનમાં મને અને મારા વડિલ બહેન **શ્રીમતી હિરા નેણશી ખોના** ને ઉત્તમ તકો મળી હતી. આ વિશેના લેખ ડિસેમ્બર ૨૦ થી પ્ર. સા. માં રજુ થશે. આપની પાસે પણ આપ માંથી કોઈએ નાટક ભજવ્યું, દિગ્દર્શન કર્યું હોય કે લખ્યું હોય તો અમને વોટ્સએપ પર જણાવશો.

છેલ્લે મારા બે અતિ પ્રિય કવિરાજો **'તેજ'** અને **'ગાલિબ'**ની *સુવર્ણ કણિકાઓ* મુકી આ મણકાઓ પુરા કરું છું.

**સરીર સેલોર સરખા, સરખી બિનીમેં સુઝ,**
**જુકો અંઘર ઉતરી વિઠા, ઉની મિટાયોં ઉઝ !**

न था कुछ तो खुदा था, कुछ न होता तो खुदा होता ।
डुबोया मुझको होने ने, न मैं होता तो क्या होता ।।

**આવો ઓળખીએ આપણા મહાજનોને**

# ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ગદગ

**કેસરસિંહ ખોના** – જખૌ (ડોંબીવલી)
મો.: **93230 85396**



વિશ્વ વિખ્યાત શાસ્ત્રીય ગાયક પં. ભીમસેન જોશીના ગૃહનગર ગદગના આપણી જ્ઞાતિના મહાજનની આજે વાત કરશું. ગદગ રાષ્ટ્રીય અને વૈશ્વિક ખ્યાતિ ધરાવતા કલાવંતોનું ગૃહનગર છે તો એ આપણી જ્ઞાતિના સર્વપ્રથમ આવકવેરા કમિશનર તિલકભાઈ કુંવરજી લોડાયાનું પણ ગૃહનગર છે. મનભાવન હવામાન અને વ્યાપાર ઉદ્યાગ માટે ખૂબજ અનુકૂળ પર્યાવરણવાળા આ શહેરમાં કચ્છીઓનું આગમન મળતી નોંધો પ્રમાણે છેક ૧૯મી સદીમાં શરૂ થઈ ગયું હતું. અને સને ૧૮૯૯માં તો ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ગદગની સ્થાપના પણ થઈ ગયેલી.

ગદગમાં આપણી જ્ઞાતિની સર્વપ્રથમ આવેલી વ્યક્તિઓમાં વિશનજી ત્રીકમજી, હીરજી ખેતશી, લાલજી લધાભાઈ, હીરજી પૂંજા, મેઘજી ભીમશી, દેવશી ખેતશી, કાનજી પાંચારિયા, કરમશી પાંચારિયા, ગંગાજર શામજી, મુલજી શામજી, અને લખમશી લધાભાઈ સામેલ છે. ઉપરોક્ત શ્રેષ્ઠીવર્યોના ગદગમાં સ્થાયી થયા બાદ અનુક્રમે થોડા થોડા કુટુંબો સ્થાયી થતા રહ્યા અને હાલ એ કુટુંબોની એકંદર સંખ્યા ૪૧ જેટલી થઈ છે.

ક.દ.ઓ. જૈન મહાજન ગદગના નામે એક ટ્રસ્ટ છે. ૧૯૦૫માં સીડીઓ જૈન સ્કુલની સ્થાપના થઈ અને ત્યારબાદ સને ૧૯૧૪માં આપણી જ્ઞાતિના જિનાલયનું નિર્માણ થયું.

લગભગ બધી કુદરતી આપદાઓ સામે સુરક્ષિત એવા આ જિલ્લાનું મુખ્ય મથક ગદગ કપાસ, મગફળી, મગ, મરચા સહિત અનેક ખેત પેદાશો ઉપરાંત હાથ વણાટના સિલ્ક તથા જવેરાતના વ્યાપારનું મહત્ત્વનું કેન્દ્ર છે. અહીંના વ્યાપારની સુંદર તકો વિશે જાણી આપણી જ્ઞાતિના સાહસિકોએ ગદગ તરફ પ્રયાણ કરી જ્ઞાતિની પ્રગતિ અને સમૃદ્ધિમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

ગદગમાં છેક ૧૯૦૫માં સ્થપાયેલી આપણી પોતીકી શાળા છે. અંગ્રેજી માધ્યમની શળામાં ૧૦મા ધોરણ સુધી શિક્ષણ જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક છે. અન્ય



**ભૂપેન્દ્ર સોમચંદ ખોના**
બારોઈ
**પ્રમુખ**



**મૌનેશ પ્રવીણચંદ લુઠિયા**
નાની ખાવડી
**માનદ્‌મંત્રી**

સરકારી અને પ્રાયવેટ શિક્ષણ સંસ્થાઓ પૈકી ગદગ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સેઝ રાજ્યમાં શિક્ષણના ઊંચા ધોરણ માટે નામના ધરાવે છે. અહીં લૉ, એંજીનિયરીંગ સહિત મૅનેજમેંટ શિક્ષણની પુરતી વ્યવસ્થા છે. એરપોર્ટ નજીકના શહેર હુબલીમાં છે. જ્યાંથી દેશના અનેક ભાગો માટે જોડાણ છે. બાકી રેલ, બસ માર્ગ પણ સરળતાથી યાત્રાની સગવડ પૂરી પાડે છે.

નજીકના લખુંડી નગરમાં પ્રાચીન દિગંબર જિનાલય અદ્‌ભુત કારીગરી ધરાવે છે. સાથે ગદગમાં પણ અનેક પ્રાચીન જિનાલય જાત્રા કરવાની સુવિધા આપે છે.

પ્રગતિશીલ ગદગ મહાજન સારી સેવા આપી રહ્યું છે, કોવિડ મહામારી દરમિયાન જરૂર પડ્યે જ્ઞાતિજનો તથા અન્ય સમાજના લોકોને પણ સેવા આપી સમાજ પ્રત્યે ફરજ બજાવી નામના મેળવી છે.

**મહાજન કાર્યાલય :** શ્રી પાર્શ્વનાથ જૈન મંદિર, પાર્શ્વનાથ રોડ, ગદગ–582 101, સંપર્ક : 083722 35962, દિનેશ ધરમશી–જખૌઃ 095900 99029.

**મહાજનની ટીમ :**

**પ્રમુખ** : ભૂપેન્દ્ર સોમચંદ ખોના–બારોઇ, **ઉપપ્રમુખ** : વિજય પ્રવીણચંદ લુઠિયા–નાની ખાવડી, **મા. મંત્રી** : મૈનેશ પ્રવીણચંદ લુઠિયા–નાની ખાવડી, **સહ મંત્રી** : રાજેશ મણીલાલ છેડા–નલિયા.

**કારોબારી સભ્યો :** સંજય ઠાકરશી મોતા–રાપર, દીપક જયચંદ ખોના–નલિયા, વિપુલ નરેન્દ્ર લુઠિયા–નાની ખાવડી, વિપુલ રતિલાલ ભગત, રવિન્દ્ર કુંવરજી લોડાયા–સાંયરા, ડૉ. પ્રતીક પ્રદીપ ખોના–ગદગ, આશીષ દિનેશ

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી તેજલબેન રાજેશ પ્રેમજી શાહ (લોડાયા) – મોટી સીંધોડી (સાયન)**

ધરમશી-જખૌ, કલ્પના વિપીન મોતા-કુવાપધર, ભાવના ભરત છેડા-નલિયા, ભરત ડુંગરશી છેડા-નલિયા, સુજીવ જવેરચંદ સોની-વાંકુ, ગિરીશ કુંવરજી નાગડા-નલિયા, રાજેશ મણીલાલ છેડા-નલિયા.

**સીડીઓ, જૈન ઇંગ્લીશ મીડીયમ સ્કુલ**

IRS તિલકચંદ K.L. રોડ, સર્વોદય કૉલોની પાસે, ગદગ-582 101. સંપર્ક : 083722 36402 / 237402, આશીષ ધરમશી : 09845143210.

**સીડીઓ જૈન સ્કુલ**

ડૉ. પ્રદીપ સોમચંદ ખોના-પ્રમુખ (બારોઈ), વિજય પ્રવીણચંદ લુઠિયા-ઉપપ્રમુખ (નાની ખાવડી). કલ્પેશ જીતેન્દ્ર પટેલ-મા.મંત્રી, પ્રણવ ભૂપેન્દ્ર ખોના-બારોઈ. કારોબારી સભ્યો : સુધીર જવેરચંદ સોની-વાંકુ, કમલેશ ત્રિકમજી શાહ, ડૉ. પ્રીત પ્રદીપ ખોના-બારોઇ, દીપ્તી મૌનેશ લુઠિયા-નાની ખાવડી, સીમા વિપુલ શાહ, ભરત ડુંગરશી છેડા-નલિયા, સુજીવ જવેરચંદ સોની-વાંકુ, ગિરીશ કુંવરજી નાગડા-નલિયા, રાજેશ મણીલાલ છેડા-નલિયા.

ગદગ મહાજન પ્રગતિશીલ વિચારસરણી ધરાવે છે. અને અહીં શિક્ષણ અને ઇતર પ્રવૃત્તિઓની ભરપૂર મોકળાશ છે. એટલું જ નહીં એકાકી અને વરિષ્ઠ નાગરિકો માટે જીવન સંધ્યા સુખાલય જેવી સંસ્થા પણ છે.

**ડૉ. પ્રદીપ ખોનાએ પ્રકાશ સમીક્ષાના એડીટોરીયલની પ્રશંસા કરતા શુભેચ્છા વ્યક્ત કરી હતી. સાથોસાથ વસવસો વ્યક્ત કર્યો હતો કે દેશાવરના અન્ય એકથી એક ચઢિયાતા ગામોમાં લગ્ન કરી સ્થાયી થવાની છોકરીઓ ના પાડે છે તેમને આહ્વાન આપીએ છીએ કે તેઓ અમારા ખર્ચે ગદગ પધારે અને અહીં રહે. તેઓ અહીંની વહુઓ સાથે વાત કરી શકે છે, આ શહેર કોઇપણ મોટા શહેર કરતાં ઉણું ઉતરે તેમ નથી.**


Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ
*Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Online Shopping via WhatsApp available. By appointment only.
Originally at Zaveri Bazar since 1976 Follow us on


## પ્રવિણભાઈનો લેખ સમયોચીત અને પ્રશંસા પાત્ર

તારીખ ૨૦ ઓક્ટોબર ૨૦૨૧ ના પ્રકાશ સમીક્ષામાં શ્રી પ્રવિણચંદ્ર શામજી ધરમશી, સુરતનો લેખ ''અતિ સર્વત્ર વર્જયેત'' સમયોચીત અને પ્રશંસા પાત્ર છે. ક્રિકેટ મૂળભૂત બ્રિટીશરોની રમત છે. મારી જાણ મુજબ એની પાછળનો અતિરેક ઇંગ્લેન્ડ કરતાં પણ ભારતમાં ખૂબજ છે. લાખો કરોડો રૂપિયાનો એમાં વેડફાટ થાય છે અને આજની આઈ.પી.એલ.માં તો લાખો કરોડોની બોલી બોલાય છે. આજના યુવાનો ટી.વી. પર મેચ જોવામાં પોતાની શક્તિ અને સમય વેડફી નાખે છે. અને સ્ટાર ક્રિકેટરોને મહાન અને રોલ મોડલ જેવા માને છે. આજનો આ ટ્રેન્ડ દેશ માટે સારો તો નથી જ. આ લેખમાંથી આજના યુવાનોએ બોધપાઠ લેવો જોઇએ. રમત-ગમત સ્પોર્ટ્સ યુવાધન માટે સારી વસ્તુ છે. પણ એનો અતિરેક સારો નહીં. આમાં પૈસાની રેલમછેલનાં કારણે જ કદાચ અમુક પોલિટિસીયનો ક્રિકેટ કંટ્રોલ બોર્ડમાં પોતાની વગ વધારવા માગે છે.




એજ હકીકત ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝને પણ લાગુ પડે છે આજના મોટા સ્ટાર સિનેમામાં એક્ટીંગ કરવા માટે કરોડો રૂપિયા લે છે જે જનતા જનાર્દનના હોય છે. સાંભળવા પ્રમાણે ફિલ્મ જગતમાં અન્ડરવર્લ્ડ-માફિયાઓનું રોકાણ હોય છે. અને એમાંથી થતી કમાણી દેશ વિરોધી પ્રવૃત્તિઓ માટે થાય છે. આ હકીકત અને અતિરેકતા તરફ આજના યુવાનોએ ધ્યાન દેવાની જરૂર છે.

પ્રવિણભાઈના લગભગ દરેક લેખમાં છેલ્લે છીપનું મોતીમાં સરસ બોધપાઠ હોય છે. રાષ્ટ્રની સુરક્ષા, સેવા સમૃદ્ધિ અને જનકલ્યાણ માટે જે લોકો યોગદાન આપે છે તેમનું યોગ્ય સન્માન થવું જોઈએ.

**- રમેશ જેઠાભાઈ નાગડા-કોચીન**

મો. નં.: ૯૪૪૭૭૬૮૭૪૦.

**વિશેષ નોંધ :**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : મોતીચંદ લાલજી ખોના - નલિયા (મુલુંડ)**

આરોગ્ય
પ્રકાશ

# ફ્રીજ આશિર્વાદ કે શ્રાપ?



- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**

માનવજાતની ઉત્પત્તિ થઈ પછી કાળક્રમે તેની પ્રગતિ થતી ગઈ અને નવીનવી વૈજ્ઞાનિક શોધો પણ થતી ગઈ. વૈજ્ઞાનિક શોધો તો માનવીના ભલા માટે, સુખસગવડ વધારવા માટે થઈ પણ ઘણી શોધો એવી થઈ જેના શરૂઆતમાં ફાયદા દેખાયા, સુખ સગવડ વધ્યા પણ પાછળથી તેના સીધા તેમજ પરોક્ષ ગેરફાયદા પણ દેખાવા લાગ્યા. ટેફ્લોન કોટીંગવાળા વાસણ, ટી.વી., ફ્રીજ, એસી, મોટરકાર, કારખાના, કોમ્પ્યુટર, મોબાઈલ, લેપટોપ, એટમબોમ્બ, મશીનગન જેવી અનેક ચીજોના ફાયદા સાથે ગેરફાયદા પણ ધીરે ધીરે દુનિયાને ખ્યાલ આવ્યા. વીજળી આવી એટલે રાત્રિ જાગરણ; ટી.વી. કોમ્પ્યુટર, મોબાઈલથી આંખો બગડવાથી લઇ અનેક શારીરિક તકલીફો, કારખાના અને વાહનોએ પ્રદુષણ અને અકસ્માત જેવી તકલીફ આપી, રીવોલ્વર, મશીનગન અને એટમબોમ્બે તો જગતનો દાટ વાળ્યો છે. એસી અને ફ્રીજ જેવાં સાધનોને કારણે વાતાવરણમાં ક્લોરો ફ્લોરો કાર્બન વાયુનું પ્રમાણ ખૂબ વધ્યું છે. આ વાયુ ઓઝોનનાં પડ તોડીને ગાબળા પાડે છે. (ઓઝોન, સૂર્યના હાનિકારક કિરણોથી બચાવતું રક્ષણાત્મક પડ છે) અને આવા બધા સાધનો બનાવતાં કારખાનામાંથી નીકળતા ધુમાડા, કેમીકલ્સવાળા પાણી અને રાખ પણ તેટલા જ હાનિકારક છે. કારખાના-કંપનીઓમાંથી નીકળતા વાયુઓ વાતાવરણને ઘટ્ટ બનાવે છે. જેથી સૂર્યપ્રકાશ વાતાવરણમાં પ્રવેશે છે પણ તેની ઉર્જા પરિવર્તિત થઈને પરત જઈ શકતી નથી અને આથી જ વાતાવરણમાં ગરમી વધે છે. અને તેને કારણે જ વૈશ્વિક તાપમાન વધે છે અને ધ્રુવીય બરફ ઓગળે છે. જેથી સમુદ્રની ઉંચાઈ વધે છે. અને કિનારાના પ્રદેશો પાણીમાં ડુબે છે. આ તમામ રીતે નુકશાનકર્તા વાયુઓનો વાતાવરણમાં વધારો શરદી, ખાંસી, દમ, ત્વચાના રોગો, એલર્જી જેવી એક સમસ્યા માટે કારણભૂત છે.

ફ્રીજ એ ગૃહિણી માટે અતિ સામાન્ય જરૂરિયાતની વસ્તુ બની ગઈ છે. તેનો ઉપયોગ એટલો વધ્યો છે કે તે ઠાંસોઠાંસ ભરાયેલું હોય છે. બજારમાંથી ઘડીઘડી ખરીદીની કડાકુટ નહીં તેથી અઠવાડીયાના વપરાશના ફળ, શાકભાજી, ખાદ્ય વગેરે એકજ વખત ખરીદી કરી ફ્રીજમાં સંઘરાય છે. આજકાલ કોલ્ડ સ્ટોરેજમાંથી આવતા ડ્રાયફ્રુટ, કઠોળ કે અનેક મસાલા, સૉસ, ચટની, અથાણા, પાપડ, પૌવા, રવો, લોટ વગેરે અનેક ચીજો ફ્રીજમાં મૂકવી ફરજીયાત બને છે. માનવીની સહજ વૃત્તિ છે કે ખાવાનું વધ્યું તો બગડે નહીં એટલે ફ્રીજમાં રાખો પણ બે દિવસ ચાલશે એ વિચારી વધુ બનાવી ફ્રીજમાં રાખવું એ અતિરેક છે.

કોલ્ડસ્ટોરેજમાં રખાયેલ ખાદ્ય વેચાણ અર્થે દુકાનોમાં આવે છે જ્યાં વેચાણ થાય ત્યાં સુધી બહાર જ રહે છે જે ખાદ્યને બગાડી શકે છે. અને ત્યાર પછી લાવીને ફ્રીજમાં રખાય તોય આ ખાદ્ય આરોગ્ય માટે હાનિકારક જ બની રહે.

લોકોમાં ગેરસમજ છે કે ફ્રીજમાં વસ્તુ રાખી એટલે બગડે જ નહિં પણ ખરેખર એવું નથી. મુંબઈની ટાટા મેમોરિયલ હોસ્પિટલના ડૉ. મકરંદ કરમરકરના મત અનુસાર ફ્રીજમાં રહેલ વસ્તુને ભેજ-બાફ અસર કરે છે. અને તેના પર એક પ્રકારની ફુગ તૈયાર થાય છે. આવું ખાદ્ય આરોગવાથી કેન્સર જેવી બિમારી લાગુ પડે છે. ફ્રીજ ઠાંસોઠાંસ ભરેલ હોય તો ફ્રીજમા ઠંડક જોઇએ એટલા પ્રમાણમાં રહેતી નથી અને ખાદ્ય બગડે છે, કોહવાય છે. ફૂગ, બેક્ટેરીયા, વાયરસ એમાં ઉત્પન્ન થાય છે.

ડૉ. મકરંદ કરમરકરના કહેવા અનુસાર ફ્રીજની વસ્તુ વાપરનારા ૧૦૦૦ વ્યક્તિ પર અભ્યાસ કરતાં જણાયું કે તેમાંથી ૫૩૮ વ્યક્તિને કેન્સર લાગુ પડ્યું હતું. તેમાં પણ સ્ત્રીઓનું પ્રમાણ વધારે હતું. આ અભ્યાસમાં સમજાયું કે ફ્રીજમાં અતિ જરૂરી હોય તે જ રાખો અને શક્ય તેટલો તેનો ઉપયોગ જલ્દી કરી ફરી તાજું લાવો. શાકભાજી, ફળ, દૂધ જેવી વસ્તુઓની ખરીદી ઓછો (ખપ મુજબ કરો). જેથી તે વસ્તુઓનો સંગ્રહ વધુ દિવસ ફ્રીજમાં ન કરવો પડે. ફ્રીજનું ટેમ્પરેચર વધુ ઠંડક મળે તેટલું રાખો, ફ્રીજને અતિ ન ભરો જેથી અંદર ઠંડક પૂરી ફરી રહે. ફ્રીજને ઉઘાડ-બંધ ઓછું કરો. રાંધેલું અનાજ કે જલ્દી બગડી શકે તેવા પદાર્થનો ફ્રીજમાંથી નિકાલ જલ્દી કરો. આમ સર્વ સાવચેતીપૂર્વક વપરાશ કર્યાથી ફ્રીજની વસ્તુઓને ફૂગ-બેક્ટેરીયા કે વાયરસ ન લાગે અને આરોગ્ય જળવાય.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
www.umkhona.com
CB: 11/189

વિચાર
વર્તુળ

# જોબન, જોખમ અને જવાબદારી

- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
9978903247



રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીએ યૌવન એટલે કે જુવાની (જોબન કે યૌવન) માટે એક કવિતા લખેલ છે, જેની બે પંકતિઓ નીચે પ્રમાણે છે

**ઘટમાં ઘોડા થનગને ને આતમ વીંઝે પાંખ,**
**અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.**

આ કવિતા કદાચ ઉંમર કે વયની તાસીર દર્શાવે છે. જોમ, જુસ્સો, જોશ, જોખમ અને સાહસ એ યુવાવસ્થાના કેટલાક લક્ષણો, તાસીર કે પ્રકૃતિ છે. પણ હાલ કેટલાક એવા બનાવો બનેલ છે; તે જોતાં બીજી એક ગુજરાતી કહેવત

**'ધન જોબન અને ઠાકરી, તે ઉપર અવિવેક;**
**એ ચારે ભેગા મળે, અનરથ કરે અનેક'**

એ કદાચ વધારે યોગ્ય લાગે છે. સૌરાષ્ટ્રમાં એક અન્ય શબ્દ સમૂહ 'ગદ્ધા પચીસી' યુવાની માટે વપરાય છે. કચ્છી અને ગુજરાતીમાં એક શબ્દ 'છોકરમત' પણ ઉતાવળા, અયોગ્ય, કે અઘટિત નિર્ણય કે કાર્ય માટે વપરાય છે. મારા યુવાન મિત્રો માફ કરશો પણ હાલના કેટલાક બનાવોએ સિદ્ધ કર્યું છે કે હોશ એટલે કે સમજણ કે વિવેક વગરનું યૌવન એ વરદાન નહીં પણ શાપ છે. સરખામણી માટે કોઈએ એવું પણ કહેલ છે કે યૌવન એ જીવનનો એવો તબક્કો છે જયારે એવા વાહનની સવારી કરવાની છે જેની 'બ્રેક ફેઈલ' થયેલ છે તેથી બહુ જ સાવધાનીથી એ સમય ગાળો પસાર કરવાનો હોય છે.

હું વ્યવસાયે એન્જીનીયર છું અને મોટી કંપનીઓમાં કામ કે નોકરી કરેલ છે; જ્યાં અકસ્માત કે દુર્ઘટના થવાની શક્યતાઓ પ્રમાણમાં વધારે હોય છે, અને ત્યાં એક વાક્ય વારંવાર સાંભળવા મળતું safety first એટલે કે સલામતી પ્રથમ. જ્યાં એક અલગ વિભાગ safety department હતો જેનું કામ સલામતી સબંધે નિયમો બનાવીને તેનો અમલ કરાવવાનો અને જો કોઈ દુર્ઘટના કે અકસ્માત થાય તો તેનો તલસ્પર્શી અભ્યાસ કરીને ભવિષ્યમાં આ દુર્ઘટનાનું પુનરાવર્તન ના થાય અથવા તો કેમ તેનું નુકશાન ઓછું થાય તેવા ઉપાયો, તૈયારી અને સાવધાની બાબત સતત કાર્યરત અને જાગૃત રહેવું. આ સિદ્ધાંત એ કોઈ પણ પરિસ્થિતિ કે સંસ્થા માટે પણ લાગુ પડે છે, જેના માટે 'કેસ સ્ટડી' એ મેનેજમેન્ટનો અનુભવસિદ્ધ અને નીવડેલ સિદ્ધાંત માનવામાં આવે છે અને તેનો વ્યાપક ઉપયોગ પણ થાય છે.

હવે આપણે કેટલાક એવા બનાવો કે દુર્ઘટનાઓ વિષે વાત કરશું; જે જોતાં એવું જરૂર લાગે કે લોકોક્તિ કે કહેવતો અનુભવ સિદ્ધ હોય છે, જયારે કવિતા લાગણી કે ઊર્મિ સભર હોય છે. અકસ્માત કે દુર્ઘટના ખાસ કરીને માનવસર્જિત દુર્ઘટના બાબત જેને સર્વમાન્ય કહી શકાય તેવું તારણ એ છે કે દરેક માનવ સર્જિત અકસ્માત માટે બે મુખ્ય પરિબળો જવાબદાર છે; 'અસલામત પરિસ્થિતિ અને અથવા અસલામત કાર્ય' 'unsafe act and or unsafe conditions'. કેટલીક વાર પરિસ્થિતિ મનુષ્યના કાબુ બહાર હોય છે; પણ કાર્ય તો મનુષ્યના હાથમાં હોય છે, છતાં પણ મનુષ્ય પોતાની જાત પર કાબુ રાખી શકતો નથી અને એવી ઘટના કે પરિસ્થિતિનું નિર્માણ કરે છે જેને દુર્ઘટના કહી શકાય છે. કદાચ એટલે જ જાત કે સ્વયં પર કાબુ કે સંયમ રાખી શકનાર વર્ધમાન ભગવાન મહાવીર કહેવાયા.

ટી.વી. અને સિનેમા એ આપણા જીવનનો એક ભાગ બની ગયો છે.અને આ વ્યવસાયમાં સંકળાયેલા કલાકારોને સારું એવું મહેનતાણું અને પ્રસિદ્ધિ મળે છે. કેટલાક બહુજ સફળ કલાકારો તો ટી.વી.ના એક એપિસોડના લાખો રૂપિયા લે છે, જે અન્ય વ્યવસાયી જેવા કે એન્જીનીઅર કે સી. એ . ના મહિનાના પગાર કરતાં પણ વધારે હોય છે; છતાં બે સફળ કલાકારો પ્રત્યુશા બેનરજી અને સુશાંત સિંહ રાજપૂત થોડી ખરાબ પરિસ્થિતિ થતાં પોતાની જાત પર કાબુ ના રાખી શક્યા અને ભર જુવાનીમાં અકાળે મૃત્યુને વહાલું કર્યું. અભિનેતા શાહરૂખખાનનો ૨૩ વર્ષનો યુવાન દીકરો અને અન્ય સમવયસ્ક મિત્રો 'ડ્રગ' લેવાના કથિત આરોપસર હાલ તપાસ નીચે છે. તો હાલમાં જેને ભારત સરકારે પદ્મશ્રીના સન્માનથી નવાજેલ છે, તેવી યુવા અભિનેત્રી કંગના રનોત પણ સ્વાતંત્ર્ય સંગ્રામ અને તેની સાથે સંકળાયેલ નેતાઓ બાબત વગર વિચારેલ વિધાનો કરીને હાંસી અને ટીકા પાત્ર બનેલ છે. ઉત્તર પ્રદેશમાં કોઈ પ્રધાનના યુવાન પુત્રએ આંદોલન કરતા કિશાનો કે ખેડૂતો પર ગાડી ચલાવીને ચાર વ્યક્તિઓના મોત નિપજાવેલ છે, જે બનાવ સમાચાર

પત્રોમાં ચમકેલ. સોશીઅલ મીડિયામાં એક વિડિઓ વાઇરલ થયેલ જેમાં મહારાષ્ટ્રના કોઈ પ્રધાનના નાનાભાઈ રસ્તા પર કામ કરતા મજૂરોને મારીને ભગાડી મૂકે છે.

આ સ્થાને થોડી રમુજી કે હાસ્યાસ્પદ વાત રજુ કરું છું જે કદાચ વિષયાંતર પણ લાગે. વર્ષો પહેલાં એટલે કે આઝાદી મળ્યા પહેલાં જયારે નાનું બાળક બહુ જ તોફાન કરે કે રડે તો માતા તેને અફીણ મિશ્રિત ગોળીઓ ખવડાવી દેતી, જે બાળાગોળી તરીકે ઓળખાતી અને તેના કારણે બાળક નિદ્રાવશ થઇ જતા.(તે સમયમાં રાજા મહારાજાઓના દરબારમાં અફીણ વગેરે નું સેવન સામાન્ય હતું અને તે પ્રતિબંધિત ના હતું). હવે તેના હાથમાં મોબાઇલ આપી દે છે! જો તરૂણ વયના બાળકો બહુ તોફાન કરતા તો તેને બોર્ડીંગ સ્કુલમાં ભરતી કરી દેતા અને જયારે સંતાન યુવા થઇ જાય અને કામ ધંધો ના કરતા, તો તેના લગ્ન કરાવી નાખતા જેથી જવાબદારીની બેડી પડવાના કારણે તે યુવાન ઠેકાણે પડે! એટલે જવાબદારી થોપવામાં આવતી,પછી ભલે જે તે વ્યક્તિ આ જવાબદારી નિભાવી શકે કે ના નિભાવી શકે. હાલના સમયમાં આ શક્ય નથી. આ વ્યક્તિગત કે કૌટુંબિક જવાબદારીની વાત છે. આ વ્યવસ્થા કદાચ કૌટુંબિક સંચાલન માટે ચાલી શકે; પણ સામુહિક સામાજિક, સંસ્થાકીય કે વ્યવસાયિક પ્રવૃત્તિ માટે યોગ્ય ના ગણી શકાય, કારણકે ત્યાં ઘણા લોકોના અને સંસ્થાના વિકાસ કે પ્રગતિ, હિત,કલ્યાણ,સુખાકારી, સલામતી અને કેટલીકવાર અસ્તિત્વ જેવી મહત્વની બાબતો કેન્દ્ર સ્થાને હોવાથી આ સ્તરે દુરંદેશી અને દીર્ઘદ્રષ્ટિ એ રણનીતિ કે ઉચિત પગલાં લેવા માટેની એક અત્યંત જરૂરી લાયકાત કે ગુણ માનવામાં આવે છે.

યુવાવસ્થામાં સાહસ અને તે પણ જોખમ ભરેલું એ લગભગ મોટા ભાગના મનુષ્યની વર્તણુંક કે વર્તનનો ભાગ હોય છે જે કેટલીક વાર દુઃસાહસમાં પરિણામે છે. હું મારું પોતાનું વ્યક્તિગત ઉદાહરણ આપું છું. લગભગ ૩૫ વર્ષ પહેલાં મારી પાસે તે સમયનું પ્રખ્યાત અને જેને નાના પરિવાર માટેનું આદર્શ વાહન ગણાતું એવું બજાજ કંપનીનું સ્કુટર 'ચેતક' હતું. ત્યારે લગભગ દરેક મહિને એકાદ વાર અમે સપરિવાર એટલે કે ચારે જણા તેના પર સવાર થઈને મારા લઘુબંધુને ત્યાં નવસારી જતાં. ત્યારે કેટલીક વાર કેટલું જલ્દી ત્યાં પહોંચાય છે તે સાબિત કરવા લગભગ જેને 'ફુલ સ્પીડ' કહી શકાય તે ઝડપે હું વાહન ચલાવતો. ઈશ્વરકૃપા કે તે સમયમાં હાલ જેટલો ગીચ વાહનવ્યવહાર ના હોવાથી કોઈ દુર્ઘટના ના થઇ, પણ આજે મને એ અત્યંત જોખમી અને અસલામત ડ્રાયવિંગ તથા બિનજવાબદાર પગલું કે પ્રવૃત્તિ લાગે છે. ઉમર વધવાની સાથે પરિપક્વતા, પાકટતા, ગંભીરતા કે પુખ્તતા આવે છે એ કુદરતનો નિયમ છે.

આજકાલ લોકોમાં મોબાઈલ ફોનના કેમેરાથી 'સેલ્ફી' કે 'ગ્રૂપફી' ફોટા લેવાનું અને તેને સોશીઅલ મીડિયા દ્વારા લોકો સમક્ષ મુકવાનું ચલણ છે, અને કેટલા 'લાઇક્સ' મળ્યા તેના આધારે વ્યક્તિ પોતાની લોકપ્રિયતા કે યોગ્યતા સ્વયં જ નક્કી કરે છે!. અને આ વધારે લાઇક્સની ઘેલછામાં બાળકો, યુવાનો, તરૂણો અને અપરિપક્વ પ્રૌઢો પણ અત્યંત જોખમી જગ્યાઓ પર અને અત્યંત જોખમી સ્થિતિમાં 'સેલ્ફી' કે 'ગ્રૂપફી' ફોટા પડે છે અને કેટલીક વાર જીવલેણ દુર્ઘટનાના ભોગ પણ બને છે. અન્ય કેટલીક જોખમી પ્રવૃત્તિઓએ આજ કાલ જોવા મળે છે જેમાં બાઈક પર ફિલ્મી સ્ટાઈલમાં (ખાસ કરીને 'ધૂમ' સ્ટાઈલમાં) સ્ટન્ટ કરવા, વાહન ચલાવતી વખતે જોખમી રીતે ઓવર સ્પિડીંગ કે ઓવરટેઈક કરવું, નદી કે સમુદ્રમાં 'સેલ્ફી' કે 'ગ્રૂપફી' ફોટા લેવાનું, જોખમી પર્વતારોહણ કે ટ્રેકિંગ કરવું વગેરે પ્રવૃતિઓ બહુ જોવા મળે છે અને જેમાં અનેક વ્યક્તિઓ પોતાની જાન ગુમાવે છે કે ઘાયલ થાય છે. સુરતમાં તાજેતરમાં એક આવી અત્યંત દુઃખદ દુર્ઘટનામાં તાપી નદીના પુલ પર કોઈ પિતા પોતાના પુત્ર ને પુલના ધાર પર એક હાથે પકડીને બીજા હાથથી સેલ્ફી લેવા જતાં પુત્ર પાણીમાં પડીને મૃત્યુ પામ્યો, જે બાબત હાલ પોલીસ તપાસ હેઠળ છે. મોટાભાગના આવા કિસ્સાઓમાં તરૂણો અને યુવાનોની મુખ્ય ભૂમિકા જોવા મળે છે.

મારું એ સૌભાગ્ય છે કે મેં મોટી અને સારી કંપનીઓમાં નોકરી કરેલ છે; જ્યાં ઘણા અત્યંત બુદ્ધિશાળી, ઉચ્ચ શિક્ષિત અને મેધાવી કહી શકાય તેવા સાથીઓ અને ઉપરી અધિકારીઓ સાથે રહીને અને નિરીક્ષણ કરીને થોડું ઘણું શીખ્યો છું, જેની અસર ક્યારેક મારા લેખમાં કારણભૂત બને છે. આવી એક કંપનીમાં લોઅર મેનેજમેન્ટ, એક્ઝીક્યુટીવ કે જુનિયર અને ટ્રેઈની કક્ષાના સ્ટાફની ભરતી માટેની ઈન્ટરવ્યૂ કમિટીમાં 'ટેક્નિકલ મેમ્બર' તરીકે બે વર્ષ માટે

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

હું નિયુક્ત થયો હતો, ત્યારે અમારા 'ડાઈરેક્ટર પર્સોનલ' એ ખાસ કરીને મેનેજર કક્ષાના ઉમેદવારની પ્રારંભિક પસંદગી માટે શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાત અને અનુભવ ઉપરાંત કેટલાક અન્ય પાસાઓ ધ્યાનમાં લેવા માટે કેટલીક માર્ગદર્શિકાઓ આપેલ, જેમાંની કેટલીક આ પ્રમાણે હતી. ઉમેદવારની ઉમર ૩૫ વર્ષની આસપાસ હોવી જરૂરી છે, જે તેની પરિપક્વતા માટેનું એક માન્ય માપદંડ માનવામાં આવતું. શક્ય હોય ત્યાં સુધી સ્થાનિક કે એવા ઉમેદવારને પસંદ કરવો; જેને ગુજરાતી ઉપરાંત હિન્દી અને અંગ્રેજીનું સારું જ્ઞાન હોય' જેથી તે સંસ્થાના આંતરિક અને સરકારી કે બહારના અન્ય લોકો સાથે યોગ્ય, ઉચિત અને અસરદાર વાતચીત, વ્યવહાર અને ખાસ કરીને પત્ર અને સંદેશ વ્યવહારમાં યોગ્ય કાળજી લે, જેથી સંસ્થાની છાપ ખરાબ ના થાય અને સંસ્થાએ જે એક આબરૂ, પ્રતિષ્ઠા કે શાખ બનાવેલી હોય તે જળવાઈ રહે અને તેમાં ઉમેરો કે વૃદ્ધિ થાય. અને સૌથી અગત્યની વાત એ વ્યક્તિને જે કાર્યક્ષેત્ર માટે લેવાનો છે તેને તે ન્યાય આપી શકવા સમર્થ હોવો જોઈએ; જેમકે કોઈ હોશિયાર કામદાર કે કારીગર કદાચ સુપરવાઈઝર તરીકે યોગ્ય ના પણ હોઈ શકે, તેથી જયારે આંતરિક પ્રમોશન કે પદોન્નતિનો પ્રશ્ન આવે ત્યારે આ બાબત ધ્યાનમાં લેવી. એક કાબેલ બેટ્સમેન સારો કેપ્ટન ના પણ નીવડે. આ જ સિદ્ધાંત સામાજિક સંસ્થાઓ માટે પણ લાગુ પડી શકે છે. આ સ્થાને એક નાની કવિતા રજુ કરૂં છું જે મને વિષયોચિત લાગે છે.

જ્યાં ના પહોંચે અભણ ત્યાં પહોંચે ભણેલ
જ્યાં ના પહોંચે ભણેલ ત્યાં પહોંચે ગણેલ
જ્યાં ના પહોંચે ગણેલ ત્યાં પહોંચે ઠરેલ
જ્યાં ના પહોંચે ઠરેલ ત્યાં પહોંચે નીવડેલ
(ઠરેલ– mature, નીવડેલ– tried and tested)

મોટા ભાગની સંસ્થાઓમાં કાર્યરત કર્મચારીઓ માટે બહુ સ્તરીય કે માળખાકીય વ્યવસ્થા કે વર્ગો હોય છે. જેટલી સંસ્થા મોટી તેટલા આ સ્તર વધારે; જેમકે કારીગર, સુપરવાઇઝર સ્ટાફ, એક્ઝીક્યુટીવ કે જુનિયર ઓફિસર,મેનેજર્સ,જનરલ મેનેજર અને ડાયરેક્ટર્સ. કોઈ વાર ઔપચારિક રીતે આવા સ્તરો કે વર્ગો ના હોય, પણ કાર્યોની વહેંચણી જરૂર હોય છે. જેમાં યુવા વ્યક્તિઓને એવા કામ સોંપવામાં આવે છે જેમાં શારીરિક શ્રમ અને મહેનતની જરૂર પડે છે, અને તેનું કાર્યક્ષેત્ર મર્યાદિત હોય છે અને મોટા ભાગે તેને સંસ્થાના માન્ય નિયમો અને નિર્ણયોનો અમલ જ કરવાનો કે કરાવવાનો હોય છે, જે ચીલાચાલુ કે રોજમદાર પ્રવૃત્તિનો એક ભાગ હોય છે. અને પછી જેમ જેમ વ્યક્તિ પુખ્ત થાય અને જો કાબિલિયત ધરાવતો હોય તો ઉપર સ્તરે પ્રગતિ કરીને પહોંચે છે, અને તેનું કાર્યક્ષેત્ર અને કાર્યનો પ્રકાર વિસ્તૃત થાય છે જેમાં કાર્ય કૌશલ્ય ઉપરાંત વૈચારિક, નીતિ વિષયક પ્રણાલીઓ, રણનીતિ, ઉચ્ચ સ્તરીય બૌદ્ધિક, કાયદાકીય અને આર્થિક તથા સામાજિક બાબતોનું જ્ઞાન અને વિવેકબુદ્ધિ જેવા અમૂર્ત પાસાઓની જરૂર પડે છે, કારણ કે આ સ્તરે વ્યક્તિ જે નિર્ણયો લે કે નીતિ વિષયક નિયમો બનાવે; તેના પર સંસ્થાની પ્રગતિ, છબી, છાપ, શાખ ભવિષ્ય અને અસ્તિત્વનો આધાર હોય છે તેથી જ પુખ્તતા, પરિપક્વતા, દીર્ઘદ્રષ્ટિ અને ડહાપણ એ સંસ્થાના ઉચ્ચ સ્તર પર કાર્ય કરતા અધિકારીઓ કે સામાજિક સંસ્થાના આગેવાનો માટે અત્યંત આવશ્યક ગુણો છે, જે વ્યક્તિ પોતાના અનુભવ, અભ્યાસ, વાંચન, તાલીમ, નિરીક્ષણ, ચિંતન, મનન અને સંગતથી ગ્રહણ કરે છે.

**છીપનું મોતીઃ** સંસ્થા હોય કે વાહન; યોગ્ય, લાયક, અનુભવી અને ઠરેલ વ્યક્તિના હાથમાં સુકાન જરૂરી છે.



## શ્રધ્ધાંજલિ

**નિલેશ તારાચંદ લોડાયા**

**(જખૌ– અમલનેર)**

અરિહંત શરણ તા. ૧૯/૧૧/૨૦૨૧

માનવતાના મસિહા, ગુણગ્રાહી માયાળુ વાત્સલ્યભર્યા
એવા નિલેશભાઇ આજે અમારી વચ્ચે ન હોવા છતા એમની
હયાતી અમારી સાથેજ છે. અને સાથ રહેશે. નિલેશભાઇ સ્વભાવ
ખુબજ માયાળુ વાત્સલ્યભર્યો, સ્નેહભર્યો મિલનસાર, પરિવારને
એક તાંતણે રાખનાર, લાગણીશીલ સૌમ્ય, સરલ સદાય
હસતો ચેહેરો પારોલા સંઘના સક્રીય સામાજીક કાર્યકર
દાનશીલ. અને સમાજનુ ગૌરવ વધારનાર તથા આદર્શ રૂપહતા
એમની હયાતિ અને જિંદાદિલ સ્વભાવ એમની પ્રેરણા હતી
એમના ચિરવિદાય થી અત્યંત દુઃખની લાગણી અનુભવે છે.
પરિવારજનોને એમની વિદાયનું દુઃખ સહન કરવાની પ્રભુ શક્તિ આપે.
એમના આત્માને પરમ શાંતિ આપે એજ અભ્યર્થના.

શોકમગ્ન આત્મીજનો

શ્રી પારોલા કચ્છી દશા ઓસવાલ શ્વેતાંબર મૂર્તીપૂજક જૈન શ્રીસંઘ
કારોબારી કમેટી અને ટ્રસ્ટી ગણ

# ઘરચોળું અને પાનેતર માટે સમજવા જેવું

ખૂબ લગ્નો માણીને મોજ કરતા સહુને કદી પ્રશ્ન થયો છે કે પાનેતર અને ઘરચોળુંએ સાડી હોવા છતાં બંને વચ્ચે કેટલો ભેદ છે?

ફેશનની દુનિયામાં ઇન્ડિયન ટ્રેડિશનલ વેર તરીકે વધુ અને વધુ બારીકાય વડે જેમાં વિવિધતા લવાય છે એના કલરમાં ફેરફાર કેમ નથી થતો?

શુ ફેર છે ઘરચોળાની ડિઝાઇન અને પાનેતરની ડિઝાઇનમાં કયા કારણોસર તેમના કલરમાં કોઈ બદલાવ નથી કરાતો?

**પાનેતર :**

પરણેતરને મામા તરફથી અપાતી સાડી. મામેરામાં પ્રથમ શ્રેણીની ભેટ ભાણેજને અપાતી સાડી. મા+મા= મામા બે મા જેટલો સ્નેહ કરતા મામા આ ભેટ પરણનાર ભાણેજને આપે છે ત્યારે એ પાનેતર સવિશેષ બને છે.

**પાનેતરનો રંગ :**

પાનેતરનો રંગ સફેદ હોય છે. તેની બોર્ડર પર ઘેરો લાલ રંગ હોય છે. અને સોનેરી ભરતકામ વડે તેને સુસજ્જ કરાય છે. સફેદ રંગ મુખ્ય હોય છે તેમાં, એની પાછળ એ ભાવના હોય છે કે પિયરમાં રહેતી દીકરી આજ સુધી શાંતિ ધૈર્ય અને સૌમ્યતા સાથે પિયરના નિયમોનું વહન કરી જીવી, કોઈ મલિન વિચાર કે ખરાબ વર્તન ન કરીને તેણે સફેદ રંગની શોભાની જેમ પિયરની શોભા શુભ્ર રાખી છે. ઘેરા લાલ રંગની બોર્ડર સૂચવે છે કે અત્યાર સુધી લોહીના સંબંધોએ તેને લાડ લડાવ્યા તેના કોડ પુરા કર્યા. સોનેરી ભરતકામ સૂચવે છે કે તેની દરેક મનોકામનનાને રંગોળીની જેમ ભાતીગળ રીતે સજાવીને રાખી છે આ બધું સૂચવે છે કે અમે તારા પિયર (કુટુંબ+ મોસાળ)ના સભ્યોએ તને ખૂબ પ્રેમ સહિત પાલવીને રાખી હવે એ દીકરી તારે આ સ્વેત રંગી ઓઢણીના સ્વેત રંગની જેમ શુદ્ધ પ્રેમ અને અમલીન ભાવના વડે સાસરી શોભાવવી લાલરંગી ઓઢણીની કોરની જેમ નવા સંબંધોને રંગીન રાખવા લાલ રંગની જેમ ચટકીલા અને ઉન્નતિ તરફ દોરે તેવા રાખવા. અને આવી ઉચ્ચતર શીખતો જેમાં બે માના ગુણ હોય તેવા મામા જ આપી શકે તેથી પાનેતર મામા લાવે છે.

**પાનેતરની ડિઝાઇન :**

પાનેતરને આખેઆખું ભરચક ભરતકામ વડે નથી શોભાવાતું. પાનેતરના સફેદ હિસ્સામાં સોનેરીતાર, લાલ-લીલા રેશમી દોરા, મોતી આભલા અને ટિકી વડે છૂટું છવાયું કરાયેલું ભરતકામ દીકરીને લાડતો કરાવ્યા સાથે બચતની શીખ પણ આપી છે એ સૂચવે છે. ઘેરા લાલ ભાગમાં ભાતીગળ ભરચક વેલબુટીનું ભરતકામ સૂચવે છે કે જે રીતે પિયરમાં એકરસ થઈ ભળીને રહી અને આંગણુ દીપાવ્યું એમ સાસરીમાં આ લાલ રંગને સફેદ પર ઓળઘોળ કરીને રહેજે. પારકાને પોતાના કરીને રહેજે.

**ઘરચોળું :**

ઘરચોળું પરણેતરના સાસરેથી આવે છે. છાબની સાડીઓમાં મુખ્ય. અરે સોનાના ઘરેણાં સાથે મુકાતી સાડી એટલે સુવર્ણસમ! છાબ ભરતી વેળાએ ઘરના મોભીના હાથમાં શોભતા ઘરચોળામાં સસરીની આન લપેટાયેલ હોય છે.

**ઘરચોળાનો રંગ :**

ઘેરા લાલ અને લીલા રંગનું રેશમી તાંતણે વણાયેલ ઘરચોળું સાસરાની શાખની સંપુર્ણ પ્રતીતિ આપે છે. રેશમી તાંતણા વણાયને રેશમી છાપ ઉભી કરે છે સાસરાની, તેનો લાલ રંગ સૂચવે છે કે લાલ રંગ જેવીજ લાલીમાં તેણે સાસરીની પ્રતિષ્ઠાને અપાવવાની છે. લીલા રંગ જેવી લીલીછમ કરીને જાળવવાની છે.

**ઘરચોળાની ડિઝાઇન :**

ઘેરા લાલ રંગના ભાગમાં સંપૂર્ણ સોનેરી કામ સૂચવે છે કે સાસરીની લાલીમાં પાથરતી પ્રતિષ્ઠામાં સુવર્ણની ચમક પોરવવાની છે. લીલા રંગની કોરમાં ફૂલવેલ અને હાથી પોપટ કે મોરની ભાત ઉપસાવાય છે કુટુંબના સભ્યોમાં હેતનો ઉમેરો કરવાનો અને હાથીના કદ જેવું મોટું મન રાખી મોર અને પોપટની જેમ સદા કોટુંબીક જવાબદારીઓ હોવા છતાં ચહેકતું રહેવાનું છે. સંપૂર્ણપણે ભરતકામ વડે શણગારેલી આ સાડી સૂચવે છે કે આવનાર વધુ, આવતાની સાથે સંપૂર્ણ ઘરને આ ભરચક ભાતીગળ કારીગરી કરેલ સોનેરી ભરતકામ જેવું બારીક સુરેખ અને સુરમ્ય બનાવે. સંપૂર્ણ ઘરને સજાવેલું રાખે. દરેક સંબંધને સજાવીને રાખે.

સંકલન : **કુમાર બાબુભાઈ દંડ**-તેરા (ભાંડુપ)

**પ્રકાશ સમીક્ષાના એક વર્ષના ૨૪ અંકોમાં પાનાની નીચેના ભાગમાં શુભચિંતક તરીકે અહીં આપનો સંદેશો આપો.**
**વાર્ષિક રૂા. ૨૫૦૦૦/- , ફક્ત બે સંદેશા લેવાના છે. સંપર્ક : હેમાંગ લાલજી શાહ (મો. ૯૯૨૦૬ ૪૬૮૪૬)**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-પુના

નવા વરસના દિવસે વડીલોના આશીર્વાદ લેવા વડીલ વંદના ટીમમાં તા. ૬.૧૧.૨૧ના લગભગ વીસેક જણાએ સવારના સાતના ટકોરે વડીલ વંદનાની શરૂઆત કરેલ. જેમા ઉંમર વર્ષ ૭૫ની ઉપરના વડીલોનો સમાવેશ હોય છે. આ વરસે કુલ ૧૭ વડીલોનુ અભિવાદન, તેમનો ફોટોફ્રેમ તથા મીઠાઈ આપી કરવામાં આવ્યું. વડીલ વંદનાની શરૂઆત શ્રી ખુશાલ લાલજી મહેશ્વરી તથા શ્રીમતી હીના ચેતન રતાણી દ્વારા સાત વરસ પહેલા કરવામાં આવેલ હતી.

### શ્રી અચલગચ્છ કચ્છી જૈન સંઘ-યવતમાળ

શ્રી સંઘના પ્રમુખ દિનેશભાઈ લોડાયાના અવસાન પછી તેમને શ્રદ્ધાંજલી અર્પણ કરી નવ નિયુક્ત પ્રમુખ શ્રી હિતેન્દ્ર વર્ધમાન ધરમશીનું સ્વાગત કરાયેલ. શ્રી હિતેન્દ્ર વર્ધમાન ધરમશીએ બધાને સાથે મળી સંઘનું વહીવટ સંભાળી કાર્ય કરવાનું કહેલ. શ્રી અખિલ  ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના ટ્રસ્ટી શ્રી મનિષભાઈ વિક્રમભાઈ ધરમશી, શ્રી રમેશભાઈ છેડા તેમજ ડિપ્લોમા ઇન જૈન વિધામાં પ્રાવિણ્ય મેળવી પાસ થયેલ સંગીતાબેન લોડાયા અને ઉર્મિલાબેન ધરમશીનું બહુમાન કરવામાં આવેલ.

### શ્રી પારોલા ક.દ.ઓ.શ્વે.મૂ.પૂ. જૈન સંઘ

પારોલાતીર્થમાં ચાતુર્માસાર્થે બિરાજમાન સંઘ કૌશલ્યાધાર, અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી શાસન પ્રભાવિકા વાત્સલ્યવારિધિ સૌમ્યમૂર્તિ પરમપૂજ્ય સાધ્વીશ્રી પુણ્યોદયશ્રી મ.સા.ના શિષ્યા સરલસ્વભાવી પરમપૂજ્ય સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૪ની નિશ્રામાં કારતક સુદ ૯, ૧૦, ૧૧ શુક્રવાર, શનિવાર, રવિવાર તા. ૧૨, ૧૩, ૧૪ નવેમ્બર ૨૦૨૧ સુધી તાડપત્રમાં હસ્તલિખીત જય આગમના દાતા પરિવાર દ્વારા પુજન સહ જય આગમ મંદિર સ્થાપના સુધર્મા શ્રુતોત્સવ મહોત્સવમાં ગામવાસીયો તેમજ બહારગામથી પધારેલ ભાવિકોની સંખ્યા સારી હતી. વિધીકાર પંડીતવર્ય અજીતભાઈ શાહ મુલુંડવાલાએ જય આગમનો સરલ ભાષામાં અર્થ સમજાવીને પૂજન કરાવેલ. સંગીતકાર શા. ભાવેશભાઈ શાહ નાશિકવાલાએ મંડળી સાથે રમઝટ જમાવી હતી.

### ચામુંડા માતાજીના સ્થાન - વારાપધર

તા. ૧૮.૧૧.૨૦૨૧ના હવન સાથે પહેડી પ્રસાદનો લાભ સર્વે ભાવિકોએ લીધેલ. વ્યવસ્થામાં કુસુમકાન્ત (વારાપધર), તિલકભાઈ (બાંડીયા) મંગલભાઈ (મંજલ) હિરેનભાઈ (બાંડીયા) સંભાળેલ. વારાપધર મહાજનના સ્થાનિક ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ લોડાયા, ભરતભાઈ વીકમસી સાથે ગામના જ્ઞાતિજન નવીનભાઈ વીકમસી, ભૂપેન્દ્રભાઈ વીકમસી અન્ય જ્ઞાતિજનો સાથે સુરૂભા દરબારે સારો સાથ સહકાર આપેલ.

### કચ્છી ભવન બેંગ્લોર

D.B.K.D.O. Jain Ekkam, Kutchi Bhavan, 44B, 1st Main Road, J.P. Nagar, 3rd Phase, Bangalore-560 078.

For Booking Rooms Contact person : Mr. Devaru Bhatt:+91 98459 35740, Landline : +91 80437 05354.

### 'કચ્છ-અર્પણ' (રજત જયંતિ વિશેષાંક)

વડોદરાથી પ્રકાશિત થતા દ્વિમાસિક 'કચ્છ-અર્પણ'(સળંગ અંક નં. ૨૫)નો હાલનો અંક 'રજત જયંતિ વિશેષાંક' તરીકે પ્રકાશિત કરવામાં આવેલ છે.

આ અંકને એક 'થીમ બેઇઝડ' અંક બનાવવાનો પ્રયત્ન કરાયો જેને લેખકોએ તેમની મહેનત તથા ધગશને કલમમાં ઉતારીને આ અંકને ઉત્તમ અને નોખો બનાવ્યો છે. કચ્છ તથા કચ્છીઓના 'છેલ્લા ૨૫ વર્ષના લેખાજોખા'નો હિસાબ તેમના લેખોની સામગ્રીમાં નજરે ચડે છે.

સંપર્ક : મો ૯૩૭૭૧૨૪૫૮૨

### જીવંત ઝાડોને પાંજરાથી થતા અવરોધથી મુક્તિ

પુન્ય પાલીતાણા નગરીમાં વનવિભાગની પરવાનગી થી ૫૦  ઝાડ ના પાંજરા (tree guard), જે  જીવંત ઝાડની

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

વૃદ્ધિ માટે અવરોધરૂપ હતાં, એવા લોખંડના પાંજરાને કાપીને ઝાડના વિકાસને થતા અવરોધથી મુક્ત કરવામાં આવ્યાં. જીવંત ઝાડને થતી દુઃખ ની વેદના પોતાને મહસૂસ થતા ,આ કરૂણા નો કાર્ય કરેલ છે.

મુકેશ માણેકજી લોડાયા, જૈન, હાલ કોચીન, મૂળ કચ્છ- માંડવીના એમણે હાલમાં કેરલા હાઈકોર્ટમાં અવરોધરૂપ બનતા પાંજરા(ટ્રી ગાર્ડ)ને કટ કરવા જોઈએ અને એ માટે નું કાર્ય પ્રશાસન કરે, એ માટે ની ઓર્ડર લાવવા માટે કેરલા હાઈ કોર્ટમાં કેસ (PIL) દાખલ કરેલ હતું. એનો ચુકાદો તારીખ- ૧૭/ ૧૧ /૨૦૨૧ ના દિવસે ઝાડની સુરક્ષા અને વિકાસ ની તરફેણમાં આવ્યું. તેઓ હવે સુપ્રીમ કોર્ટમાં સમગ્ર દેશના ઝાડોની આ આવ્યશક્તા ને ધ્યાનમાં રાખીને PIL દાખલ કરવાની તૈયારીમાં છે .

## વતનના વર્તમાન

**સંકલન : કેસરસિંહ ખોના**

### અચલગચ્છમાં ૩૦ વર્ષે ગણિપદ પ્રદાન

માંડવી તાલુકા સ્થિત બહુંતેર જિનાલય ખાતે મુનીવર રાજરત્નસાગરજી મ.સા.ને ગણિવર્ય પદ પ્રદાન અને મુમુક્ષુ વિધિબેન ગાલાનો દીક્ષાના કાર્યક્રમ યોજાયા.

સ્મરણીય છે કે અચલગચ્છ જૈન સંઘમાં ગણિવર્યપદ પ્રદાન છેક ૩૦ વર્ષ પશ્ચાત યોજાયો હતો. પ.પૂ. કવીન્દ્રસાગર સૂરીશ્વરજીને મ.સા. ૩૦ વર્ષ પૂર્વ સન ૧૯૯૧માં ગણિપદ અપાયું તે પછી ૩૦ વર્ષ સુધી આવા એકેય પ્રસંગનો ઉલ્લેખ નોંધાયો ન હતો. છેક ૨૦૨૧માં ૩૦ વર્ષ બાદ પ.પૂ. રાજરત્નસાગરજી મહારાજ સાહેબને ગણિવર્ય પદ પ્રદાનનો ચડાવાનો લાભ ભુજ અચલગચ્છ જૈન સંઘ, ક.વી.ઓ. જૈન મહાજન (ગઢસીસા), ક.દ.ઓ. જૈન જ્ઞાતિ-સાંધાણ, કાંતાબેન હરશી ખોના, જવેરચંદ હીરજી ખોના આદિ દ્વારા પ્રાપ્ત કરાયો હતો.

ગણિપદ પ્રદાન ઉત્સવ સાથે વિધિબેન ગાલાની દીક્ષાનો કાર્યક્રમ યોજાયો. દીક્ષા બાદ મુમુક્ષુ વિધિબેન ગાલાને સાધ્વીશ્રી વિશુદ્ધ કિરણાશ્રજી મ.સા. નામકરણ કરાયું હતું.

### પશુપાલન હબ ઢોરી ગામે ઈસરો

પશુપાલન અને દૂધ કેન્દ્ર તરીકે જાણીતા ભુજ તાલુકાના ઢોરી ગામે ‘ઈસરો’ના અમદાવાદ કેન્દ્રના વૈજ્ઞાનિકોની એક ટીમ પહોંચી શાળાના બાળકોમાં રોમાંચ અને ઉત્સાહની હેલી પેદા કરી. દેશની અંતરીક્ષ વિજ્ઞાનની પ્રગતિનો બાળકોને પરિચય પણ આપ્યો હતો.

### કોવિડની બલી

